ગુજરાતમિત્ર ભવિષ્ય દર્પણ

# એક હાથ મેં બટર ઓર દૂસરે હાથ મેં ચૂના
# જહાં જીસકી જરૂરત હો, બસ લગાતે ચલો

## કન્યા (પ.ઠ.ણ)



### માનસિક સ્થિતિ :

**મિત્રો,**

**તમારે આ વરસમાં ખરેખર પ્રગતિ કરવી છે? તમે અત્યારે જે જગ્યાએ છો એના કરતા આગળ વધવા માંગો છો? તમે ખરેખર તમારું સામાજિક અને વ્યવસાયીક તેમજ સાર્વજનિક લેવલ ઊંચું લાવવા માટે સિરિયસ છો? જો આનો જવાબ 'હા'માં હોય તો બટર-માખણ અને ચૂનો એ બેનો ઉપયોગ કરવાનું શરૂ કરો.**

**તમે અડધો કલાક માટે એક વાત પર ધ્યાન કેન્દ્રીત કરો. તમારા સમાજમાં, તમારા ગામમાં, તમારા શહેરમાં, તમારા રાજ્યમાં, કે નેશનલ લેવલ પર તમારા વ્યવસાયમાં, સરકારી ખાતાઓમાં, ખાનગી સંસ્થાઓમાં કે રાજકારણમાં જે લોકો ઊંચા સ્થાન પર કે મોટા હોદ્દા પર બેઠા છે એ લોકો કેવી રીતે આ જગ્યાએ પહોંચ્યા છે તેનો અભ્યાસ કરશો તો ખબર પડશે કે તેઓ બટર (માખણ) અને ચૂનો બીજાને લગાવીને સફળ થયા છે.**

**મિત્રો, તમારામાં ગમે તેટલી લાયકાત અને યોગ્યતા હશે, તમારી ફરજ પ્રત્યે તમે ગમે તેટલા પ્રમાણિક અને વફાદાર હશો. તો પણ તમે પાછળ રહી જશો. કારણ કે તમે અત્યાર સુધી બટર અને ચૂનાનો ઉપયોગ જ નથી કર્યો.**

**યાદ રાખો ભગવાનને પણ પ્રશંસા બહુ ગમે છે. ભગવાનને પ્રસન્ન કરવા માટે એની સ્તુતિ કરવી પડે છે. આ સ્તુતિ એટલે જ બટર! ભગવાનને પણ માખણ - દહીં - મધ લગાવવા પડે છે. જો ભગવાનને પણ માખણ - મધ લગાવવા પડતા હોય તો એની સામે માણસની તો કોઇ હેસિયત જ નથી! આઇ મીન ભગવાન કરતા ચાર ઘણું બટર લગાવવું પડે. તમને એમ થાય કે યોગ્યતા અને લાયકાત વગરના માણસોને બટર લગાવવું એટલે વાંદરાને દારૂ પાવા બરાબર છે! પરંતુ સાહેબ, જો વાંદરો દારૂ પીધા પછી જ કામ કરતો હોય તો તમને પીવડાવવામાં શું વાંધો છે? જો તમારે સફળ થવું હોય તો બટરની વેલ્યૂ સમજવી પડશે.**

**હવે, રહી વાત ચૂનાની!**

**તમે તમારી જિંદગીમાં કોઇ પણ માણસને પોતાના પર જ ચૂનો લગાવતા જોયો છે? મને એક માણસ એવો બતાવો કે જેણે પોતાને જ ચૂનો લગાવ્યો હોય! સાહેબ, આ ચૂનો ચીજ જ બીજાને લગાવવા માટે છે! આમ કરવામાં જો તમારો આત્મા તમને ડંખતો હોય તો કમસે કમ તમારે એવું નક્કી કરવું પડે કે જે તમને ચૂનો લગાવી જાય તેને જ તમારે પણ ચૂનો લગાવવો, બીજાને નહીં! કારણ અન્યાય સહન કરીને બેસી રહો એટલા બધા કાયર તો તમે નથી જ ખરું ને?**

**હવે, અહીંથી તમારી વારતા શરૂ થાય છે.**

**મિત્રો, આપને શનિ મહારાજની નાની પનોતી ચાલે છે. તે સારી નથી. માટે તમારામાં ગમે તેટલી લાયકાત અને યોગ્યતા હશે તો પણ તમારી પ્રગતિ અને સફળતામાં રૂકાવટ અને વિઘ્નો આવશે એટલે તમે પાછળ જ રહી જશો, અને લાયકાત વગરના માણસો આગળ વધી જશે. તમારી પનોતીને લીધે તમારી પ્રગતિ અને સફળતામાં આવતી રૂકાવટ, અડચણ અને વિઘ્નોનું મારણ જ આ બટર અને ચૂનો છે! આજે જ તમારા મગજમાં થોડી જગ્યા બનાવીને એમાં બટર અને ચૂનો ભરી દો. અને કાલથી વાપરવા માંડો! પછી જુઓ કોઇના બાપની તાકાત નથી કે તમને આગળ વધતા રોકી શકે!!**

**પછી શિષ્યએ પૂછ્યું : હે ગુરૂજીઃ આ બટર અને ચૂનો લગાવ્યા વગર માણસ પ્રગતિ કરી શકે અને આગળ વધી શકે એવો કોઇ રસ્તો બતાવો ને!**

**ગુરુજીએ કહ્યું : - હે વત્સ, મારા ગુરૂજીએ પણ મને આનો રસ્તો નથી બતાવ્યો!!**

### આર્થિક નાણાંકિયઃ

નાણાંકિય દૃષ્ટિએ આપને માટે નવું વરસ ઘણું સારું અને સંતોષકારક છે. આ વરસ દરમ્યાન આપની આવકમાં વધારો થાય. નવા વરસમાં આપને ડિસેમ્બર-૧૮ તેમજ એપ્રિલ અને જુલાઇ-૨૦૧૯માં આપની આવક વધારવા માટે ત્રણ વખત નવી તક મળેઃ આ તકનો લાભ લઇને તમારી આવકમાં વધારો કરી શકો. **જો કે તમને તો ત્રણે ત્રણ તકનો લાભ લેવાનો લોભ થાય અને પૈસાનો ઢગલો કરવાની ઇચ્છા થાય. પરંતુ એમ કરવામાં તમારી પર્સનલ લાઇફ ડિસ્ટર્બ થાય કે તમે માનસિક શાંતિ ગુમાવી બેસો એવું નહીં થવું જોઇએ.** એટલે જેમાંથી વધારે લાભ થાય તે તકનો ઉપયોગ કરવો. બાકીની છોડી દેવી. પૈસા વધે એટલે ખરચો કરવાની પણ ખંજવાળ તો આવે જ! એટલે જો તમને કોઇ રોકાણ કરવાની કે પરદેશ જવાની ઇચ્છા થાય તો તમે કરી શકો **આ વરસમાં કોઇ આકસ્મિક લાભ થવાની પણ શક્યતા છે.**

### ધંધો -વ્યવસાય નોકરી

કામકાજ ધંધાને માટે આપના ગ્રહમાન ખૂબ જ સારા છે. આખા વરસનો સમય પ્રગતિકારક છે. **વરસમાં જેમ જેમ દિવસો પસાર થતા જાય તેમ તેમ આપનો પ્રોગ્રેસ વધતો જાય** આપનું કામકાજ વધે, ધંધો વધે, આવક વધે અને નાણાંકીય દૃષ્ટિએ ઘણી રાહત થઇ જાય. **આ વરસમાં ચાલુ કામકાજ ઉપરાંત કોઇ નવું કામ કરવા માટે પણ સમય સારો છે.** કામકાજમાં ડેવલપમેન્ટ એક્સ્પાન્શન થાય. કામકાજ ઘણું વધી જવાથી તમારે એને વ્યવસ્થિત રાખવા માટે નવું આયોજન કરવું પડે. લાંબા ગાળાની મેનેજમેન્ટનો વિચાર કરવો પડે. કારીગર કે મશીનરીની બાબતમાં કોઇ ટેન્શન થાય એવું નથી કોઇ સરકારી ખાતા તરફથી પરેશાની થાય એવું નથી. **જો કે કેટલાક ખોટા બિનજરૂરી ખરચા આવે અને કેટલાક કામમાં વિલંબ થાય એવું બને.**

નોકરીવાળાને માટે સમય એકદમ ટનાટન છે. આ વરસમાં નોકરીમાં પ્રગતિ થાય. સ્ટાફની સાથે સંબંધો સારા રહેશે. **ઉપરી અધિકારી અને મેનેજમેન્ટ સાથે અહમનો ટકરાવ થાય.** આ વરસે ઇન્ક્રીમેન્ટ સારું મળશે. પ્રમોશનમાં થોડો વિલંબ થાય પણ મળશે. **તમને શનિની પનોતી ચાલે છે એટલે નોકરીમાં શેખી મારવાની આદત હોય તો છોડી દેવી.** નોકરી બદલવી હોય તો પણ બીજી સારી નોકરી મળી જાય.

### જમીન મકાન પ્રોપર્ટી

પ્રોપર્ટીની બાબતમાં આ વરસમાં આપના ગ્રહમાન પચાસ ટકા સારા છે. એનો અર્થ એવો થાય કે તમે પ્રોપર્ટીમાં અડધું રોકાણ કરી શકો. પ્રોપર્ટીની કિંમતનું અડધું રોકાણ થાય. **રીનોવેશન કરાવવું હોય કે નવું ફરનીચર બનાવવું હોય તો પણ અડધું જ થાય.** કોઇ જુની પ્રોપર્ટી વેચવી હોય તો તેમાંથી ફાયદો થાય. જો કે એમાં ભાવની બાબતમાં તમારે થોડી બાંધછોડ કરવી પડે બાપદાદાની પ્રોપર્ટીમાંથી કંઇ મળવાનું હોય તો આ વરસમાં નક્કી થઇ જાય. તમારા હાથમાં આવતા વિલંબ થાય. જો કે **નવી ગાડી લેવી હોય તો જરૂરથી લઇ શકાય.**

### લગ્ન અને દાંમ્પત્યજીવનઃ

જેમને આ વરસમાં લગ્ન કરવાની ઇચ્છા હોય અથવા જેમના લગ્નમાં વિલંબ થતો હોય તેમના નવા વરસના જુલાઇ મહિના સુધી લગ્ન થઇ જાય. **પ્રેમ લગ્ન પણ થઇ શકે. જેમને પહેલા લગ્નમાં તોડફોડ થઇ હોય તેમના બીજા લગ્ન પણ થઇ જાય.**

દાંપત્ય જીવને માટે આપના ગ્રહમાન સારા જ નહીં પણ ખૂબ જ સારા છે. આપનું દાંમ્પત્ય જીવન એકદમ સુખી અને સંતોષકારક રહેશે. જો લગ્ન જીવનમાં કોઇ જુના મતભેદ મનદુખ હોય તો તે આ વરસમાં પૂરા થઇ જાય. એમાં તમારે તમારું દિલ થોડું મોટું રાખવું પડે. **તમારો સ્વભાવ જ જુની વાત પકડી રાખવાનો હોય તો એમાં ભગવાન પણ કશું કરી નહીં શકે! તમને શનિની નાની પનોતી ચાલે છે તે સારી નથી એટલે તમારે નવા કોઇ ઇસ્યુ ઊભા કરવા નહીં.** તમે તમારા પાર્ટનરને જેટલો વધારે સપોર્ટ કરશો એટલી વધારે શાંતિથી અને પ્રેમથી જીવી શકશો.

### સંતાન

સંતાનની બાબતમાં આ વરસનો સમય બધી જ રીતે અનુકૂળ છે. તમારા સંતાનનો અભ્યાસ ચાલુ હોય તો એમા પ્રગતિ થાય. એમના લગ્ન બાકી હોય તો આ વરસમાં થઇ જાય. એમના કામકાજ ધંધામાં પણ પ્રોગ્રેસ થાય. **આ વરસ દરમ્યાન એમના તરફથી કોઇ વિશેષ સારા સમાચાર મળે.** જેમને સંતાન પ્રાપ્તિ ની ઇચ્છા હોય તેમને એક પર એક ફ્રીનો લાભ મળે.

### અભ્યાસઃ

વિદ્યાર્થી મિત્રો, આ વરસમાં આપના ગ્રહમાન આપના અભ્યાસને માટે ખૂબ જ અનુકૂળ છે. આપની મહેનતના પ્રમાણમાં ઘણું સારું પરિણામ મેળવી શકશો. પરંતુ આપને શનિની નાની પનોતી ચાલે છે એટલે કોઇ એક વિષયમાં તમારી અપેક્ષા કરતા ઓછું રિઝલ્ટ આવે. **અભ્યાસમાં આપના મિત્રો આપનો ખોટો સમય નહીં બગાડે તેનું ધ્યાન રાખવું.** બારમાં ધોરણ પછી કે ગ્રેજયુએશન પછી આગળના અભ્યાસ માટે શરૂઆતમાં થોડું ટેન્શન થાય પછી આપનું કામ થઇ જાય. **આગળના અભ્યાસ માટે સ્થળાન્તર થવાની શક્યતા છે.**

### પ્રવાસ

પ્રવાસ મુસાફરીને માટે આપના ગ્રહમાન વધારે પડતા સારા છે. એટલું બધું રખડવાનું કે ખરચા કરવાનું સલાહ ભરેલું નથી. **વરસ દરમ્યાન ત્રણ પ્રવાસ થાય.** એક પ્રવાસ કોઇ ઐતિહાસિક સ્થળ પર જવા માટે કે ધાર્મિક સ્થળ પર દેવ દર્શન માટે થાય. બીજો પ્રવાસ મિત્ર મંડળ કે સગા સંબંધી સાથે થાય. અને ત્રીજો પ્રવાસ કોઇ સામાજિક કે ધંધાકીય કામને માટે થાય. **આ ઉપરાંત તમે જો પાક્કો નિર્ણય કરો તો પરદેશની મુસાફરી પણ થઇ શકે.**

### મિત્ર-શત્રુ

આ વરસમાં આપના જેટલા શત્રુ વધે એના કરતા ડબલ સંખ્યામાં મિત્રો વધે. વરસ દરમ્યાન આપના મિત્રો આપને ધંધાકીય અને અંગત કામમાં ખૂબ જ મદદરૂપ થાય. **મિત્રોના સપોર્ટથી આપની હિંમત અને આત્મવિશ્વાસ વધે. તેથી આપના કામકાજમાં આપ પ્રગતિ કરી શકો.** એક બે મિત્રોને તમારે પણ અંગત કામમાં મદદ કરવી પડે. આ વરસમાં આપને બે ત્રણ ચૌદસિયા માણસો મળશે જે તમને સાધારણ ટેન્શન કરી શકે પરંતુ કશું બગાડી શકવાના નથી.

### કોર્ટ-કચેરી

નવા વરસ દરમ્યાન આપને કોર્ટ કચેરી પોલિસ કે એવા કોઇપણ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી કોઇપણ જાતની પરેશાની થાય એવું નથી. તમને મનમાં એવો ડર હોય કે કંઇક ગરબડ થાય એવું લાગે છે તો એ તમારો કાલ્પનિક ડર છે. એટલે આ બાબતમાં કોઇ ચિંતા કરવાની જરૂર નથી. **જો કે તમારી સાથે કામ કરવા વાળા માણસો કોઇક ગરબડ કરે અને તમારે એમાં ઇન્વોલ્વ થવું પડે એવું બને. પણ આમાં તમારે વધારે પડતા ઇમોશનલ થવાની જરૂર નથી.**

### તંદુરસ્તી

તંદુરસ્તીની બાબતમાં સિરિયસ કશું નથી છતાં વરસમાં બે વખત તબિયતમાં ફરિયાદ રહેશે. પેટને લગતી કે લિવર કિડનીને લગતી કોઇ નાની ફરિયાદ રહેશે. જોઇન્ટસ ના દુખાવાની તકલીફ ક્યારેક થાય. **વાહન ચલાવવામાં કોઇ ચાર પગવાળુ પ્રાણી તમને ડિસ્ટર્બ કરે. બે પગવાળાથી ચિંતા કરવા જેવું નથી** તમારા વડીલોની તબિયત માટે માર્ચ મહિના પછી વરસના અંત સુધી ગમે ત્યારે ટેન્શન થઇ શકે. પરંતુ ટેન્શન રાખવાથી કશો ફરક નહીં પડે. જ્યારે જે થવાનું છે તે તો થઇને જ રહેશે. એને તમે રોકી શકવાના નથી.